**ક્રિ.પ.અ. નં. ૫૦૨૯/૨૦૨૫**

**ખોખરા પોલીસ સ્ટેશન પ્રોહી ગુના રજી. નં. ૧૧૧૯૧૦૦૩૨૨૦૪૭૭/૨૦૨૨ પ્રોહિબિશન એકટ કલમ–૬૬(બી),૬૫(ઈ),૮૧,૯૮(૨) મુજબનાં ગુનાના કામે આરોપીની ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭ મુજબની જામીન અરજી લગત હુકમ.**

---

(૧) સદર ગુના કામે પોલીસ પેપર્સ વંચાણે લીધા તેમજ જામીન અરજી વંચાણે લીધી તથા આરોપીના વિ.વકીલશ્રીની દલીલો સાંભળી.

(૨) આરોપીના વિ.વકીલશ્રીએ હાલની અરજીના સમર્થનમાં એવી દલીલ કરેલ છે કે, આ કામના આરોપીને ખોટી રીતે ગુનામાં સંડોવી દીધેલ છે. આરોપીએ કહેવાતો કોઈ ગુનો કરેલ નથી, આરોપી ટ્રાયલ સમયે અદાલત સમક્ષ હાજર રહી કેસ કાર્યવાહી આગળ ચલાવવામાં મદદરૂપ રહેશે. તેમજ નામ. અદાલત ફરમાવે તે તમામ શરતોનું પાલન કરવા આરોપી બાહેધરી આપે છે. આ તમામ હકીકતો અને સંજોગો ધ્યાને લઈ આરોપીને શરતોને આધિન જમીન મુકત કરવા રજુઆત કરેલ છે.

(૩) સરકાર તરફે વિ.એ.પી.પી. દલીલ કરી જણાવેલ છે કે, તા.૦૩–૦૮–૨૨ના રોજ કલાક ૨૦–૦૦ વાગ્યે આરોપીએ ગેરકાયદેસર વગર પાસ પરમીટે જાહેરમાં ભારતીય બનાવટનો દેશી દારૂ લીટર–૬૫ જે કુલ્લે કિંમત રૂા.૧,૩૦૦/– ની મત્તાનો મુદામાલ રાખી રેડ દરમ્યાન હાજર મળી આવી ગુનો કરેલ છે. અને તેઓએ સદર મુદદામાલ હાલાના અરજદાર આરોપી પાસેથી મેળવેલ છે તે ગુનાનો આક્ષેપ હતો જેના કામે ચાર્જશીટ થતા આરોપી હાજર રહેતો ન હોય પકડ વોરંટ નિકળતા તેઓ વોરંટ રદ કરાવવા હાજર થતા કસ્ટડીમાં લેવામાં આવેલ છે.

(૪) કેસની હકીકતો ધ્યાને લેતા અને હાલ ગુનાની ટ્રાયલ ચાલુમાં છે તેથી સ્વાભાવિક છે કે ગુન્હા સંબંધે તપાસ પુરી થઈ ટ્રાયલ ચાલતાં સમય લાગે તેમ હોઈ તેવા સંજોગોમાં જયારે આરોપી સ્થાનીકના રહેવાસી હોય, કયાંય નાશી ભાગી જાય તેમ જણાતું નથી, ત્યારે માત્ર આરોપીની જામીન અરજી રદ ફરમાવી તેઓને સમગ્ર ટ્રાયલ દરમ્યાન જયુડીશ્યલ કસ્ટડીમાં રાખવા ન્યાયોચીત જણાતું નથી. તેથી આરોપી સામેના આક્ષેપીત ગુનાની ગંભીરતા અને કેસની હકીકતો અને સંજોગો ધ્યાને લેતાં ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>–:: હુકમ ::–</u>**

આ કામના આરોપી દિપક ઉર્ફે દિપુ દશરથભાઈ ગાયકવાડ, રહે. નરોડા, અમદાવાદના ને ખોખરા પોલીસ સ્ટેશન પ્રોહી ગુના રજી. નં. ૧૧૧૯૧૦૦૩૨૨૦૪૭૭/૨૦૨૨ પ્રોહિબિશન એકટની કલમ–૬૬(બી),૬૫(ઈ),૮૧,૯૮(૨) મુજબના ગુના કામે કરેલ જામીન અરજી આથી **મંજુર** કરવામાં આવે છે અને એવો હુકમ કરવામાં આવે છે કે, આરોપીએ આ અદાલત સમક્ષ પ્રત્યેકને રૂા.૫૦,૦૦૦/– (અંકે રૂપીયા પચ્ચાસ હજાર પુરા) ના અગાઉ રજુ ના થયેલ હોય તેવા કેસમાં જામીન તરીકે ચાલુ ન હોય તેવા સધ્ધર જામીન અને તેટલી જ રકમના જાત મુચરકા રજુ કર્યેથી નીચેની શરતોને આધીન જમીન મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

વધુમાં, આરોપીને રૂા.૧,૦૦૦/– (અંકે રૂપિયા એક હજાર) પેનલ્ટી તરીકે ચૂકવવા.

**–:: શરતો ::–**

(૧) આરોપીએ સદર ગુનાની ટ્રાયલના કામે સંપુર્ણ સાથ સહકાર આપવો અને કોર્ટ જયારે અને જયાં બોલાવે ત્યાં હાજર રહેવું.

(૨) આરોપીએ પોતાના કાયમી રહેઠાણનો પુરાવો તથા કોન્ટેકટ નંબર રજુ કરવો.

હુકમ આજ રોજ હુકમ ખુલ્લી અદાલતમાં વાંચી સંભાળવી જાહેર કર્યો.

તા. ૧૨–૦૫–૨૦૨૫

**(વિપિન કુમાર બંસલ)**

27માં એડી.ચીફ.જુડીશિયલ મેજીસ્ટ્રેટ
જજ કોડ નં.જી.જે.૦૧૨૩૩
કોર્ટ નં. ૪૦, અમદાવાદ શહેર